# શહેરમાં મોડીસાંજે તોફાની પવન ફુંકાયો

**મોડીસાંજે ફુંકાયેલા પવનથી હોર્ડિંગ્સ, વૃક્ષો ધરાશયી, ગરબા મંડપોને ભારે નુકસાન : ખેતીમાં પણ ભારે નુકસાનની ભિતી : શહેરમાં દોઢ ઇંચ વરસાદથી ચોમેર જળબંબાકાર નગરજનો ત્રસ્ત : પાછોતરો વરસાદ બંધ થવાનુ નામ લેતો નથી : ખેડુતોમાં પણ ચિંતાનુ મોજુ સેકટરોમાં ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ : સિઝનનો ૩૪ ઇંચ વરસાદ થયો**

ગાંધીનગર તા ૩૦

હવાનું હળવુ દબાણ જે કચ્છ થઈ આજે મોડીસાંજે અમદાવાદ અને ગાંધીનગર પરથી પસાર થતાં ૫૦ કિ.મી.થી પણ વધુ ઝડપે પવન ફુંકાતા ભારે નુરસાન જિલ્લામાં થયું હોવાના અહેવાલો છે.

મળતી વિગતો પ્રમાણે હવામાન વિભાગે આ અંગે ચેતવણી પણ સવારે તંત્રને આપી હતી.

આજે મોડી સાંજે ફુંકાયેલા પવનને કારણે ઘણા બધા સ્થળોએ વૃક્ષો ધરાશયી થયા હતા. તો ગાંધીનગર શહેરમાં ઘણા બધા સ્થાનો પર ગરબાના મંડપોને ભારે નુકસાન પણ થવા પામ્યું છે.





હવાના સર્જાયેલા આ હળવા દબાણને પગલે અને સાથે વરસાદને કારણે ખેતીને પણ નુકસાન થયું છે. જોકે આ લખાય ત્યાં સુધી કોઈ જાનહાનીના અહેવાલ પ્રાપ્ત થયા નથી.

જિલ્લામાં ફુંકાયેલા વાવાઝોડાના પગલે વહીવટી તંત્ર પણ એલર્ટ મોડ પર આવી ગયું છે અને ક્યાંય કોઈ નુકસાન છે કે નહિ તેની જાણકારી મેળવવાના કામે લાગ્યું છે.

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી વરસાદ રોજબરોજ હળવા ભારે ઝાપટા વરસાવી જાય છે જેના લીધે વાતાવરણમાં સતત ભીંજારાનો માહોલ જોવા મળી રહ્યો છે. ગરબા મહોત્સવનુ આયોજન પણ વરસાદી મોસમની અસરથી પ્રભાવિત છે. ત્યારે નગરજનો પણ પાછોતરા વરસાદની સતત હાજરીથી ત્રાહીમામ પોકારી ગયા છે. આજે દિવસના અંતે શહેરમાં ૩૯ મીમી વરસાદ વરસ્યો હતો. જેના લીધે સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાયા હતા. વરસાદી સમસ્યાઓ પણ સેકટરને ઘેરી વળી છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૩૪ ઈંચ વરસાદ થયો છે.

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી વધુ સમયથી વરસાદ વરસી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગરબા મેદાનમાં મેઘરાજાની રમઝટ

**ગરબા મેદાનમાં મેઘરાજાની રમઝટથી ખૈલૈયાઓની પીચ પર જળબંબાકાર : શહેરમાં દોઢ ઇંચ વરસાદના લીધે સેક્ટરોમાં ગરબા મેદાનમાં વરસાદી પાણી અને કાદવ કિચ્ચડ : સોમવારે મોટાભાગના સેક્ટરો તેમજ સંસ્થાકીય નવરાત મહોત્સવમાં ગરબા બંધ રહ્યા : કલ્ચરલ ફોરમે પણ વરસાદી સમસ્યાના લીધે સોમવારે ગરબા બંધ રાખ્યા**





ગાંધીનગર ૩૦

ગાંધીનગરના સેકટરો છેલ્લા ઘણાં સમયથી વરસાદી પાણીમાં ઘમરોળાઈ રહ્યા છે. જયારે નવરાત પર્વના પ્રારંભે પણ વરસાદનુ જોર યથાવત રહેતા ગરબા મેદાનમાં પણ ઠેર ઠેર વરસાદી પાણી અને કાદવ કિચ્ચડ જોવા મળ્યા હતા. જેના લીધે સોમવારે મોટાભાગના સેકટરોમાં ગરબા બંધ રહ્યા હતા. સંસ્થાકીય ગરબા મહોત્સવમાં પણ વરસાદી પાણીના ભરાવાના લીધે ગરબા બંધ રાખવામાં આવ્યા હતા. ગઈકાલ મોડીરાતથી આજે સવાર સુધીમાં દોઢ ઈંચ વરસાદ વરસતા ગરબા મેદાનમાં વરસાદી પાણીનો ભરાવો થયો હતો. ગરબા મેદાનના પાર્કીંગમાં પણ વરસાદી

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં ૯૭-૯૮નું પુનરાવર્તન થવાની ભીતિ : ૧૦૫ ટકા વરસાદ થઈ ચુક્યો છે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં સતત હળવા તથા મધ્યમ ભારે વરસાદના ઝાપટા ચાલુ રહેતાં જિલ્લામાં ૧૯૯૭-૯૮માં થયેલા ભારે વરસાદથી થયેલા નુકશાન જેવુ નુકશાન આ વખતે પણ થશે તેવી ચિંતા ખેડૂતોને કોરી ખાઈ રહી છે. ૯૭-૯૮ના વર્ષમાં ૧૧૦૦ મી.મી. વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૦૫ ટકા કરતાં વધારે વરસાદ નોંધાયો છે. જિલ્લામાં હાલ જે રીતે વરસાદ થઈ રહ્યો છે તેને લઈ તંત્રને એલર્ટ મોડ પર મુકવામાં આવેલ છે.

**જિલ્લામાં આજે પણ હળવાથી મધ્યમ ભારે વરસાદી ઝાપટા : ખેતીમાં ભારે નુકશાનનો ભય**

હવામાન ખાતાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લા નજીક હવાનુ લો પ્રેશર સિસ્ટમ આવી રહ્યુ છે તેથી હળવાથી ભારે વરસાદની શક્યતાઓ હજુ નકારવામાં આવી નથી. આ વર્ષે પાછોતરો વરસાદ સારો થયો છે.

જિલ્લાના એક અભ્યાસુ અગ્રણી ખેડૂતે જણાવ્યુ હતુ કે ૯૭-૯૮માં પણ ભાદરવા માસમાં ભારે વરસાદ નોંધાયો હતો. આ વખતે આસો મહિનો શરૂ થઈ ગયો છે અને છતાંય વરસાદ ચાલુ છે. આ વરસાદથી ખેતીને ભારે નુકશાન થવાનો ભય ઉભો થયો છે.

કપાસ, મગફળી, તલ સહિતના પાકો લગભગ નિષ્ફળ થઈ ગયા હોવાનો દાવો કરતા આ અગ્રણીએ જણાવ્યુ હતુ. તેમના કહેવા મુજબ સતત ભેજવાળા વાતાવરણને કારણે પાકમાં રોગચાળાનો ભય વધી ગયો છે એટલુ જ નહિ ઘણા બધા વિસ્તારોમાં પાણી ખેતરોમાં ભરાઈ રહેતાં કહોવારો પણ લાગુ પડી ગયો છે.

જિલ્લા ખેતીવાડી તંત્ર છુટાછવાયા વિસ્તારોમાં ૧૦ થી ૧૫ ટકા જેટલુ નુકશાન થયાનો આડકતરો એકરાર કરે છે પણ વરસાદ રોકાઈ જાય અને પછી જ સર્વે કર્યા બાદ ખરેખર કેટલુ નુકશાન થયુ છે તે જાણી શકાય. હાલના તબક્કે કંઈપણ કહેવાનો તંત્ર ઈન્કાર કરી રહ્યુ છે.

## જિલ્લા કલેક્ટર તરીકે કુલદીપ આર્ય નિમાયા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગા આજે વયમર્યાદાને લઈ સેવા નિવૃત થયા છે. જ્યારે તેમની જગ્યાએ અમદાવાદના ડે. મ્યુનિ. કમિશનર કુલદીપ આર્યની નિયુક્તી કલેક્ટર તરીકે કરવામાં આવી છે.

કુલદીપ આર્ય અગાઉ ખેડા કલેક્ટર તરીકે પણ ફરજો બજાવી ચુક્યા છે. હાલ તેઓ અમદાવાદમાં ડે. મ્યુનિ. કમિશનર તરીકે ફરજો બજાવી રહ્યા છે.

આર્યની નિમણુંક અંગે રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે હુકમો કરી દીધા છે.

સામાન્ય વહીવટ વિભાગે કરેલા હુકમ મુજબ જી.આઈ.ડી.સી.ના એકઝી. ડાયરેક્ટર તરીકે ફરજો બજાવતા અધિક કલેક્ટર જી.એચ. સોલંકીને અમદાવાદના ડે. મ્યુનિ. કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

આર્ય તેમની નવી જગ્યાનો ચાર્જ ના સંભાળે ત્યાં સુધી જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલને વચગાળાનો ચાર્જ કલેક્ટર તરીકે આપવામાં આવ્યો છે.





ખમ્મા કરો માવડી ખમ્મા કરો... - શહેરમાં બીજા નોરતે તોફાની પવન અને અવિરત વરસાદના પગલે ગરબાના આયોજન ખોરવાતા આયોજકો અને ખેલૈયાઓ બે હાથ જોડીને માતાના ચરણોમાં વિનંતી કરે છે... પ્રાર્થે છે... માવડી હવે ખમ્મા કરો... આપની આરાધના માટે મોકળાશ આપો... ગાંધીનગર કલ્ચરલ ફોરમના પટાંગણમાં ૫૦ થી ૫૫ કિ.મી.ની ઝડપે ફુંકાતા પવનની વચ્ચે આયોજકો અને ખેલૈયાઓએ જગતજનની મા-આદ્યશક્તિની આરતી વંદના કરી હતી... અને કૃપા માટે વિનવણી કરી હતી... પરંપરાગત માતાજીના ગુણગાન કરતા પાંચ ગરબા ગાઈ સંતોષ માન્યો હતો... જયો જયો મા-જગદંબે.... ખમ્મા ખમ્મા રે.... બોલ મારી અંબે જય જય અંબે....

## ધરોઈમાં પાણીની સપાટી ૬૧૮ ફૂટે પહોંચી

ગાંધીનગર, તા. ૩૦

સાબરમતી નદી પર બાંધવામાં આવેલ ધરોઈ ડેમની સપાટી ઉત્તર ગુજરાતમાં થઈ રહેલા વરસાદને પગલે ઝડપથી વધી રહી છે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હાલ ૬૧૮ ફુટે આ સપાટી પહોંચી છે અને જે પ્રમાણે પાણીની આવક થઈ રહી છે તે ધ્યાને લેતાં ટુંકમાં જ તેના દરવાજા ખોલવા પડશે. ખેરાલુ પ્રાંત કચેરીએ તો આ અંગે ડેમના નીચાણવાળા વિસ્તારોમાં પાણી આવવાની ભીતિને લઈ તંત્રને એલર્ટ મોડ પર મુકી દીધુ છે. જો ધરોઈ ડેમના દરવાજા ખોલવામાં આવશે તો લાકરોડા વિયર અને સંત સરોવરના પણ દરવાજા ખોલવાની ફરજ પડશે. આ બન્ને સરોવરો પણ હાલ છલોછલ ભરાયેલા છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

# આર ટી ઓ કચેરીમાં ૨૫ હજાર વાહનોની હાઈસિક્યુરીટી નંબર પ્લેટ પેન્ડીંગ

**વાહનોની નંબર પ્લેટ વર્ષોથી તૈયાર છતા વાહનચાલકો ફીટ કરાવી ગયા નથી : હાઇસિક્યુરીટી નંબર પ્લેટ મામલે વાહનચાલકોની નિરસતા**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં છેલ્લા આઠ વર્ષથી ૨૫ હજાર જેટલી હાઈસિક્યુરીટી નંબર પ્લેટ તૈયાર થયેલી પેન્ડીંગ છે. પરંતુ વાહનચાલકો આ નંબર પ્લેટ લગાવવા માટે આવ્યા નથી. આ પેન્ડીંગ નંબર પ્લેટ સહીત હાલ શહેર અને જિલ્લામાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ વગરના વાહનોની સંખ્યા વિશેષ છે. બીજીતરફ વાહનોમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ લગાવાની મુદેત પણ તબક્કાવાર લંબાવામાં આવી હોવાના લીધે વાહનચાલકોએ પણ આ વાતને હળવાશથી લીધી છે.

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં અરજદારોએ વારંવાર ધક્કા ખાવા પડતા હોવાની બુમ

● અનુસંધાન પાન-૭ પર

## હાઈસિક્યુરીટી નંબર પ્લેટ તૈયાર કરવા સોસાયટીમાં ઝુંબેશ હાથ ધરાશે

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા હાઈસિકયુરીટી નંબર પ્લેટના મામલે નવતર ઝુંબેશ હાથ ધરાશે. પોતાના વાહનોમાં હાઈસિક્યુરીટી નંબર પ્લટે ન હોય તેવા કિસ્સામાં અરજદારો અરજી કરશે તો સોસાયટીમાં પહોંચીને આર ટી ઓ કચેરીનો સ્ટાફ નંબર પ્લેટ તૈયાર કરી ફીટ કરાવશે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર આ માટે કોઈપણ

● અનુસંધાન પાન-૭ પર

## અતિ ભારે વરસાદથી કપાસ, મગફળી સહિત પાકને મોટુ નુકસાન

**ખેડૂતોની દિવાળી બગડશે : જો દશેરા સુધી વરસાદ ચાલુ રહેશે તો ખેડૂતો પાયમાલ બનશે : સર્વેની કામગીરી કરાશે**

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતમાં ચોમાસાની આ વખતની સીઝનમાં વધુ પડતી મેઘકહેર અને પાછોતરા વરસાદથી ખેડૂતોના પાકો ઉપર ગંભીર વિપરીત અસરો પડી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત પંથકોના ખેડૂતોના કપાસ, મગફળી, મગ, અડદ, મઠ, એરંડા, તલ સહિતના પાકને બહુ ગંભીર નુકસાન પહોંચ્યું છે. હજુ પણ જો એકદા અઠવાડિયુ પણ વરસાદ ચાલુ રહ્યો તો, ખેડૂતોનો મરો થશે અને તેમની દિવાળી બગડશે તેવી સ્થિતિ બની છે.નવરાત્રી અને દિવાળીના તહેવારોમા રોકડીયા પાક તરીકે ગણાતો અડદનો પાક પણ સતત વરસાદના કારણે નષ્ટ થઈ જતા ખેડૂતોની હાલત કફોડી બની છે.

હજુ એક સપ્તાહ એટલે કે દશેરા સુધી આ જ રીતે વરસાદ પડે તો ખેડૂતોનો ૭૦થી ૮૦ ટકા પાક બગડશે અને તેમની દિવાળી પણ બગડશે. જો આવું થશે તો જીવન જરૂરિયાત ચીજ વસ્તુઓનો ભાવ વધશે. બીજીબાજુ, રાજયમાં લીલા દુષ્કાળની સ્થિતિ અને ખેડૂતોને થયેલા પાકના ગંભીર નુકસાનને લઈ હવે સરકાર પણ હરકતમાં આવી છે. સરકાર તરફથી રાજયના તમામ જિલ્લા અને તાલુકાના ખેતીવાડી અધિકારીઓને ખેડૂતોના પાક-ખેતીની નુકસાનીનો સર્વે કરવા નિર્દેશો જારી કરવામાં આવ્યા છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com